ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
**હુકમ ક્રમાંક:** નખમ/૧૦/૨૦૨૧/૪૪૨૪૦૨/ટ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 07 JAN 2022

**વિષય:**-ગુજરાત સરકારના કામકાજના નિયમો,૧૯૯૦ ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓની સૂચના ક્રમાંક ૪(૧)(ક) અન્વયે જુદી જુદી કક્ષાના અધિકારીઓની સત્તા નક્કી કરતા હુકમો.

**હુકમ**

ગુજરાત સરકારના કામકાજના નિયમો, ૧૯૯૦ના નિયમ ૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલી કામકાજને લગતી સૂચનાઓ પૈકી સૂચના ૪(૧)(ક) અનુસાર આ નિયમોની પહેલી અનુસૂચિમાં ભાગ-૨ માં નાણા વિભાગને ફાળવાયેલ વિષયોના કેસો હુક્મ સાથેના પરિશિષ્ટ-૧,૨,૩,૪,૫ અને ૬ માં દર્શાવેલ કક્ષાએ નિકાલ કરવાનો આદેશ આપુ છું.

Kanu. M. Desai.

**(કનુ દેસાઇ)**
માન. મંત્રી(નાણા)
ગુજરાત સરકાર

**પ્રતિ,**

* માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
* માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગ.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
મુકામ તપાસણી અધિકારી, ગાંધીનગર.
રાજ્ય વેરા કમિશનરશ્રી, અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
વિમા નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
વિભાગના સર્વે અધિકારીઓ/વિભાગની સર્વે શાખાઓ.
સામાન્ય વહીવટ વિભાગ, કેયુ શાખા.
સિલેક્ટ ફાઈલ-ટ શાખા,નાણા વિભાગ.

* પત્ર દ્વારા.

## પરિશિષ્ટ-૧

**માન.મંત્રીશ્રી(નાણા) કક્ષાએ નિકાલ કરવાના કેસો**

(૧) મુલ્ય વર્ધિત વેરા, વાણિજ્યિક વેરા, કેન્દ્રીય વાણિજ્યિક વેરા અને વ્યવસાય વેરાને લગતી નીતિ વિષયક બાબતો.

(૨) કેન્દ્ર સરકારની એમ્પાવર્ડ કમિટિ,(એમ્પાવર્ડ કમિટિ ઓફ ફાયનાન્સ મીનીસ્ટર ઓફ સ્ટેટ) સર્વિસ ટેક્ષ અને ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષને લગતી નીતિ વિષયક બાબતો.

(૩) ગુડ્ઝ અને સર્વીસ ટેક્ષ કાઉન્સીલને લગતી નીતિ વિષયક બાબતો.

(૪) જાહેર સેવા આયોગની ભલામણથી સીધી ભરતીથી પસંદગી પામેલા અથવા અન્ય પસંદગી સમિતિ કે સરકારે નિમેલા બોર્ડ દ્વારા પસંદ થયેલા, નાણા વિભાગ હેઠળના વર્ગ-૧ અને વર્ગ-૨ના તમામ સંવર્ગોના અધિકારીઓની નિમણૂક અંગેની દરખાસ્તો.

(૫) નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ના તમામ સંવર્ગોમાં ફરજ બજાવતા અધિકારીઓની બદલી, પ્રતિનિયુક્તિ તથા બઢતી આપવા અંગેની દરખાસ્તો.

(૬) નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૨ના અધિકારીઓની બદલી, બઢતી કે પ્રતિનિયુક્તિ અંગેના હુકમો કરતા પહેલા જે તે ખાતાના વડાઓએ માન. મંત્રીશ્રી(નાણા) નો પૂર્વ-પરામર્શ કરવાનો રહેશે.

(૭) નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ અને વર્ગ-૨ના તમામ સંવર્ગોમાં ખાસ ભરતી, છૂટછાટ આપવી, કરાર આધારિત નિમણૂક.

(૮) વર્ગ-૨માં અવેજી નિમણૂકો, પસંદગી યાદીના સંદર્ભમાં અથવા પસંદગી યાદી ન હોય ત્યારે માન્ય પસંદગી યાદી ધ્યાનમાં લીધા સિવાય, બે મહિનાથી વધુ મુદત સુધીની આવી નિમણૂકો.

(૯) નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓની સેવાઓ, નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત.

(૧૦) નાણા વિભાગ તથા ક્ષેત્રિય કચેરીઓમાં નવી સ્ટાફ કાર, વાહનો ખરીદવાની બાબત.

(૧૧) નાણા વિભાગ હેઠળ અમલીકૃત થતી રાજ્ય સરકારની તથા ભારત સરકારની તમામ-કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ગ્રાન્ટની ફાળવણી અંગેની બાબતો.

(૧૨) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓના વર્ગ-૧ના અધિકારીઓને સત્તા સોંપણી.

(૧૩) નાણા વિભાગને સંબંધિત પ્રોજેક્ટસ અંગેની કામગીરી.

(૧૪) નાણા વિભાગ હેઠળના તમામ નવા કામોને મંજૂરી આપવાની બાબતો અને હાલના ચાલુ કામોમાં નવી વધારાની જોગવાઇ કરવાની હોય તેવા કામો.

(૧૫) નાણા વિભાગ હેઠળની નવી કચેરી ખોલવી, તેના સ્થળ નક્કી કરવા અંગેની બાબત.

(૧૬) તમામ પ્રકારના સાધનો, યંત્ર સામગ્રી ખરીદવા તથા જુનું ફર્નીચર કન્ડેમ્ન કરી, નવા ફર્નીચરની ખરીદી કે જેમાં રૂપિયા દસ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ થનાર હોય.

(૧૭) નવી બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજુરી.

(૧) રૂ.૨૦ કરોડથી વધુની બાંધકામ/પ્લાન્ટસ/મશીનરીની બાબતો

(૨) જાહેર સાહસો/ટ્રસ્ટ/વૈધાનિક સંસ્થાઓને રૂ.૧૦૦ કરોડથી વધુની લોન અને મુડી પુરી પાડવાની બાબત.

(૩) રૂ.૧૦૦ કરોડથી વધુની નવી યોજનાઓને મંજુરી

----------

# પરિશિષ્ટ-૨

**અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી(નાણા) કક્ષાએ નિકાલ કરવાના કેસો**

**વાણિજિયક વેરા/વ્યવસાય વેરાને લગતી બાબતો.**

(૧) અન્ય વહીવટી વિભાગો હેઠળના કરવેરાની નીતિ વિષયક બાબતો અંગે નાણા વિભાગનો અભિપ્રાય/સંમતિ.

(૨) માંદા/BIFR/AAIFR ઔદ્યોગિક એકમોને વેરા રાહતના કેસોમાં નાણા વિભાગનો અભિપ્રાય.

(૩) કરવેરાની પ્રોત્સાહન યોજનાઓની નીતિ વિષયક બાબતોમાં નાણા વિભાગનો અભિપ્રાય/અનુમતિ.

(૪) કરવેરામાં રાહત, ઘટાડો, વેરામુકિત, રેમીશનને લગતી દરખાસ્તોમાં નાણા વિભાગનો અભિપ્રાય/દરખાસ્તનું આખરીકરણ.

(૫) ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ, મૂલ્ય વર્ધિત વેરા, વેચાણવેરાને લગતી કાયદાકીય જોગવાઇઓના અર્થઘટન કરવાની બાબત.

(૬) કેન્દ્ર સરકારની એમ્પાવર્ડ કમિટિ(એમ્પાવર્ડ કમિટિ ઓફ ફાયનાન્સ મીનીસ્ટર ઓફ સ્ટેટ) સર્વિસ ટેક્ષ અને ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષને લગતી બાબતો.

**અંદાજપત્રને લગતી બાબતો**

(૧) અંદાજપત્ર ઉપરના માન.મંત્રીશ્રી (નાણા)ના પ્રવચનના મુદ્દાઓને મંજુર કરવા

(૨) અંદાજપત્ર, સુધારેલ અંદાજપત્ર તથા આકસ્મિક ભંડોળને લગતી કેબીનેટ સમક્ષ રજુ કરવાની નોંધને મંજુરી આપવી.

(૩) અંદાજપત્રને લગતા વટહુકમોના મુસદ્દાને મંજુરી આપવી.

(૪) સ્થાયી ખર્ચના અંદાજો મંજુર કરવા અંગેના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવા.

(૫) અન્ય વિભાગના નવા વાહનો, મોટર જીપ વગેરેની ખરીદી કરવા અંગેની મંજુરી

(૬) પેટા સદર દીઠ રૂ.૧૦૦ કરોડથી વધુના સ્થાયી ખર્ચના અંદાજોને માન્ય રાખવા.

**બાહેધરીને લગતી બાબત**

(૧) રાજ્ય સરકારે આપેલ બાંહેધરીઓને વેકેટ કરવા અંગેની કામગીરી

**સેવા વિષયક બાબતો**

(૧) ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ તેમજ જનરલ પ્રોવીડન્ટ ફંડના નિયમો અંગેની અર્થઘટનની બાબતો.

(૨) સરકારી કર્મચારીઓને ખાસ પગાર, સેવા નિયમોમાં છુટછાટને લગતા કેસો

(૩) સામાન્ય હુકમોમાં ન અપાતા હોય તેવા સરકારી કર્મચારીઓના રોડ માઇલેજના કેસો

(૪) ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અન્વયે ખાસ કિસ્સા તરીકે રૂ. ૨ લાખ સુધીની રકમ સરભર કરવાની સત્તા.

**નાની બચત**

(૧) નાની બચતના જે તે વર્ષના લક્ષ્યાંકો નક્કી કરવાની બાબતો

(૨) નાની બચતના એજન્ટો, રોકાણકારો માટેની ઈનામી યોજના

(૩) નાની બચતના રોકાણોની સમીક્ષા

**નાણાકીય નિયમો/તિજોરી નિયમોને લગતી બાબતો**

(૧) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો-૧૯૫૯, ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦માં છૂટછાટ આપવા બાબત.

(૨) રૂપિયા ૫ લાખથી વધુ રકમની વસૂલાત/નુકશાન માફ/માંડવાળ કરવાની બાબતો.

(૩) સામાન્ય નિયમોમાં સમાવિષ્ટ ન થતા હોય તેવા કુટુંબ પેન્શનના કેસો.

(૪) પુનઃ નિયુકિતનો પગાર નકકી કરવો. ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૧૮૨ થી ૧૮૫નું અર્થઘટન અને તેમાં છૂટછાટ અંગેની બાબતો.

(૫) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૨૩ નીચે આવતા પેન્શન ઘટાડવાના, પાછા ખેંચવાના અને બંધ કરવાના કેસો.

(૬) ગુજરાત મુલ્કી સેવા રજા નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૬ નીચે પાંચ વર્ષથી વધુ સમયની રજાના કેસો

(૭) ગુજરાત મુલ્કી સેવા(પેન્શન) નિયમો-૨૦૦૨ના નિયમ-૭૭ થી ૭૯ અન્વયે રહેમિયત પેન્શનની મંજુરીના કેસો.

(૮) ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો -૨૦૦૨ના નિયમોમાં અર્થઘટન અંગેના કેસો.

(૯) ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧, ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ની જોગવાઇમાં છૂટછાટને લગતી બાબતો.

(૧૦) તોશાખાનાની વસ્તુઓના નિકાલની બાબતો.

(૧૧) ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો-૨૦૦૨ના નિયમ-૪૯(૨)(iii)અન્વયે સરકારી અધિકારી/કર્મચારીઓને ૩૬ માસ કરતાં વધુ સમયના ચાર્જ એલાઉન્સ મંજુર કરવાને લગતા કેસો.

**કરકસરને લગતી બાબતો, કરકસરની નીતિ અન્વયે છુટછાટ અંગેના નીચે મુજબના કેસો**

(૧) ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ વગેરેને માંગણી પત્રકો મોકલવા

(૨) તમામ વિભાગો, નાણા વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓની નવી જગ્યાઓ મંજૂર કરવી.

(૩) અન્ય વિભાગના નવા વાહનો, મોટર જીપ વગેરેની ખરીદી કરવા અંગેની મંજુરી

(૪) વિદેશમાં વર્કશોપ, કોન્ફરન્સ, તાલીમ કાર્યક્રમમાં મોકલવા અંગેની મંજુરી

**જાહેર સાહસ બ્યુરો/વિશ્વબેંકને લગતી કામગીરી.**

(૧) રાજયના જાહેર સાહસોના કર્મચારીઓની સેવાની શરતોમાં ફેરફાર કરવા અંગે નાણા વિભાગની મંજૂરીને લગતા કેસો.

(૨) વિશ્વબેંક સહાયથી ચાલતા પ્રોજેકટના સંકલનની કામગીરી.

(૩) વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય વિકાસ એજન્સી(ઇડા) તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય ફંડ એજન્સીને લગતી બાબત.

(૪) જાહેર સાહસ બ્યુરોને લગતી નિતિ વિષયક બાબતો.

**કર્મચારી ગણને લગતી બાબતો**

(૧) સચિવાલયના વિભાગો અને ગુજરાત વિધાનસભા સચિવાલયની રાજયપત્રિત અને બિન રાજયપત્રિત નવી જગ્યાઓ ઉભી કરવાની મંજૂરી બાબત.

(૨) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વિવિધ સંવર્ગના ભરતી નિયમોમાં સુધારા કરવા તેમજ પરીક્ષા નિયમમાં સુધારો/છુટછાટ આપવાની બાબત

**ખર્ચ પ્રભાગને લગતી બાબતો**

(૧) નવી બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજુરી.
 (અ) જગ્યાઓ ઉભી કરવાની બાબત
 (બ) નવી કંપનીઓ/સોસાયટીઓને મુડી પુરી પાડવાની બાબત.

(૨) જમીન સંપાદનના કિસ્સામાં નામદાર કોર્ટના છેવટના આદેશ અન્વયે વળતરની રકમ ચૂકવવાની હોય તેવા કિસ્સામાં રૂપિયા બે કરોડથી વધુ રકમ માટેની મંજૂરી.

(૩) અન્ય વિભાગે ખરીદી કરેલ હોય અને કામના ઓર્ડર આપેલ હોય તેવા કિસ્સામાં રૂ.બે કરોડથી ઉપરનો ખર્ચ મંજુર કરવાની સત્તા.

(૪) રૂપિયા ૧૦ કરોડથી વધુ કામ (Works)ના ટેન્ડરની મંજૂરી.

(૫) જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૧૧ હેઠળ ડ્રાફ્ટ એવોર્ડના રૂ.૧ કરોડથી વધુના કેસો.

(૬) જમીન સંપાદન પુન: સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૩ હેઠળ ડ્રાફ્ટ એવોર્ડના રૂ.૨૦ કરોડ ઉપરના કેસો.

**કોર્ટ કેસ અંગેની કામગીરી**

નાણા વિભાગની નીતિ વિષયક બાબતો, સ્થાયી સૂચનાઓ અને તેની સાથે સંકળાયેલ વિષયોના કોર્ટ કેસોમાં પારાવાઈઝ રીમાર્ક્સ, એફીડેવીટ, અપીલ કરવાનો નિર્ણય, ચુકાદાનો સ્વીકાર કરવો અને અન્ય તમામ અનુષંગિક બાબત

**જમીન અંગેની બાબતો.**

જેની કિંમત રૂ.૧ કરોડ થી વધુ હોય તે સરકારી મિલકત/જમીન અથવા આવી કિંમતથી વધુ ન હોવા છતાં પણ જેનાથી રૂ. ૧૦ લાખ અથવા વધુ વાર્ષિક આવક મળે તે સરકારી મિલકતના વેચાણ, ગ્રાન્ટ કે પટેથી હંગામી અથવા કાયમી સ્વત્વાર્પણને લગતી અથવા ૧૦ લાખ ની વધુતા મહેસૂલને છોડી દેવાની કે ઘટાડવાની દરખાસ્તો, સિવાય કે સરકારી મિલકતોનું આવું સ્વત્વાર્પણ વેચાણ, ગ્રાન્ટ કે પટો, નિયમોનુસાર હોય અથવા સરકારે મંજુર કરેલી સામાન્ય યોજના પ્રમાણે હોય તેવી મંત્રીમંડળ સમક્ષ રજુ કરવાની બાબતો.

----------

# પરિશિષ્ટ–૩

## અગ્ર સચિવશ્રી(ખર્ચ)/સચિવશ્રી(ખર્ચ) કક્ષાએ નિકાલ કરવાના કેસો

### ખર્ચ પ્રભાગને લગતી બાબતો

(૧) નવી બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજુરી.
  (અ) રૂ.૨૦ કરોડ સુધીની બાંધકામ/પ્લાન્ટસ/મશીનરીની નવી બાબતો.
  (બ) કન્ડેમ વાહન સામે નવા વાહન ખરીદવાની નવી બાબત.
  (ક) ખાનગી સંસ્થાઓને ગ્રાન્ટ ઈન એઈડ મંજુર કરવા બાબત.
  (ડ) રૂ.૧૦૦ કરોડ સુધીની નવી યોજનાઓને મંજુરી

(૨) ચાલુ બાબતોની પૂર્વ બજેટ ચકાસણી અને વહીવટી મંજુરી.
  (અ) રૂ.૧૦૦ કરોડથી વધુની ચાલુ બાબતોની મંજુરી.
  (બ) રૂ.૧૦૦ કરોડ સુધીની ચાલુ બાબત કે જેમાં ગત વર્ષના અંદાજો કરતાં ૧૦૦ ટકા વધારો સૂચવેલ હોય તેવી બાબતો.

(૩) જમીન સંપાદનના કિસ્સામાં નામદાર કોર્ટના છેવટના આદેશ અન્વયે વળતરની રકમ ચુકવવાની હોય તેવા કિસ્સામાં રૂપિયા ૫૦ લાખથી વધુ અને રૂપિયા ૨ કરોડ સુધીના કેસો.

(૪) નિયમોનુસાર જૂનુ વાહન કન્ડેમ કરી નવુ વાહન બીજા પ્રકારનું ખરીદવા માટે મંજુરીને લગતા કેસો.

(૫) વિભાગ કક્ષાએ ખરીદીની પ્રક્રિયા હાથ ધરાયેલ હોય અને કામના ઓર્ડર આપેલ હોય તેવા કિસ્સામાં રૂપિયા ૫૦ લાખથી ૨ કરોડ સુધીના બીલોને મંજુરી આપવાની બાબત.

(૬) કરકસર અન્વયે પ્રતિબંધિત વસ્તુઓની રૂપિયા ૧ લાખ થી વધારે રકમની ખરીદીને લગતા કેસો.

(૭) સરકારી ખર્ચમાં કરકસરની પ્રવર્તમાન નીતિ અન્વયે નીચેની બાબતોમાં છુટછાટના કેસો.
  ૧. સ્થગિત જગ્યાઓને પુનઃજીવિત કરવા બાબત
  ૨. રાજ્ય બહાર વર્કશોપ કોન્ફરન્સ, તાલીમ કાર્યક્રમમાં મોકલવાની મંજુરીને લગતા કેસો.
  ૩. ઈલેક્ટ્રોનિક્સના સાધનો, જેવા કે ઈલેક્ટ્રોનિક્સ ટાઈપ રાઈટર, કોમ્પ્યુટર અને તેના ઉપકરણો, ઝેરોક્ષ મશીન, એરકન્ડીશનર મશીનની ખરીદી અંગેના મંજુરીના કેસો

(૮) જમીનની ફાળવણી અંગેના નીચે મુજબના કેસો.
  ૧. ઔદ્યોગિક હેતુ માટે રૂપિયા ૨૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો
  ૨. રહેણાંકના હેતુ માટે
    (અ) સહકારી ગૃહ મંડળીઓને રૂ.૧૦ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.
    (બ) વ્યક્તિગત કિસ્સામાં રૂ ૨ લાખથી રૂ.૧ કરોડ સુધીના કેસો
  ૩. વાણિજ્યક હેતુ માટે રૂ. ૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.
  ૪. કાયદા હેઠળ સ્થપાયેલ સરકારી બોર્ડ નિગમ માટે રૂ.૩૦ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો
  ૫. ભારત સરકારના ખાતાઓને જાહેર હેતુઓ માટે જમીન આપવા માટે રૂ.૩૦ લાખથી વધુ રૂ.૧ કરોડ સુધીના કેસો.
  ૬. ધાર્મિક અને રાજકીય હેતુ સિવાયના અન્ય હેતુઓ માટે રૂ.૫૦ હજારથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો

(૯) સરકારી જમીન ફાળવણીના શરત ભંગ નિયમિત કરવાની નીચે દર્શાવેલ બાબતો.
  ૧. ઔદ્યોગિક હેતુ માટે રૂ.૨૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.
  ૨. રહેણાંકના હેતુ માટે રૂ.૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.
  ૩. વાણિજ્યિક હેતુ માટે રૂ.૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.

૪. અન્ય હેતુઓ માટે રૂ.૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.

(૧૦) બિન ખેતી વિષયક હેતુઓ માટે નવી શરતની વેચાણ ફેરબદલ અને ભાડાપટાની રૂ.૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની નવી દરખાસ્તો.

(૧૧) નવી શરતની નિયમિત કરવામાં આવેલ બિન અધિકૃત જમીનોના વેચાણ અને ભાડાપટાની રૂ.૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની નવી દરખાસ્તો.

(૧૨) ઔદ્યોગિક હેતુઓ, રહેણાંક હેતુઓ અને અન્ય હેતુઓ માટે અપાયેલ જમીન સરકાર સંપ્રાપ્ત થયેલ જમીનોની શરત ભંગની રૂ.૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની દરખાસ્તો.

(૧૩) ખેતી કે બિન ખેતી વિષયક હેતુઓ માટે મંજુરી વાળી કે મંજુરી વગરની હેતુ ફેરની રૂ.૧ લાખથી વધુની દરખાસ્તો.

(૧૪) ભાડા પટ્ટા લંબાવવાની અથવા કામના ધોરણે અપાયેલ લીઝની મુદત વધારવાની રૂ.૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની દરખાસ્તો.

(૧૫) લેન્ડ રેવન્યુ રૂલ્સ–૩૨ એ અને ૩૨–ક ની રૂપિયા ૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની દરખાસ્તો.

(૧૬) ખેતી કે બિન ખેતી વિષયક દબાણો નિયમિત કરવાની રૂ.૨ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીની દરખાસ્તો.

(૧૭) જમીન મહેસુલ અને તેના અનુષંગિક લેણા માંડવાળ કરવા બાબતની રૂ.૫૦ હજારથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.

(૧૮) (૧) જમીન સંપાદન અધિનિયમ–૧૮૯૪ ની કલમ–૧૧ હેઠળ ડ્રાફ્ટ એવાર્ડના રૂ.૩૦ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.

(૨) જમીન સંપાદન પુન: સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ–૨૦૧૩ની કલમ–૨૩ હેઠળ ડ્રાફ્ટ એવોર્ડના રૂ.૧૦ કરોડથી વધુ પરંતુ ૨૦ કરોડ સુધીના કેસો.

(૧૯) જાગીર નાબુદી ધારા હેઠળની વળતરની દરખાસ્તો અને એવોર્ડ મંજુરીની દરખાસ્તોના રૂ.૧૫ લાખથી વધુ પરંતુ રૂ.૧ કરોડ સુધીના કેસો.

(૨૦) જમીનના જુની શરતમાંથી નવી શરતના ફેરફાર અંગેના રૂ.૧ કરોડ સુધીના કેસો.

(૨૧) રૂ.૫ કરોડથી વધુ અને રૂ.૧૦ કરોડ સુધીના કામના(Works)ના ટેન્ડરની મંજુરી .

----------

## પરિશિષ્ટ–૪

**અગ્ર સચિવશ્રી(આર્થિક બાબતો)/સચિવશ્રી(આર્થિક બાબતો) કક્ષાએ નિકાલ કરવાના કેસો**

**કર્મચારી ગણને લગતી બાબતો**

(૧) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીને સંબંધિત જાહેર હિસાબ સમિતિ સમક્ષ રજુ કરવાના ખુલાસાઓ એ.જી. ને મોકલવા બાબત.

(૨) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ–ર રાજ્યપત્રિત અધિકારીઓની રજાઓ, પ્રવરતા યાદી, પગાર બાંધણી અને કાયમી કરવાના કેસો.

(૩) ખાતાના વડાની તેમજ નિયંત્રણ હેઠળની અમદાવાદ –ગાંધીનગર ખાતેની કચેરીઓના ટેલીફોન જોડાણની મંજુરી.

(૪) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ–રના અધિકારીઓને ૫૦–૫૫ વર્ષની વયે સરકારી સેવામાં ચાલુ રાખવા અંગેની સમીક્ષાને લગતા કેસો.

(૫) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓના વર્ગ–૧ ના અધિકારીઓની વય નિવૃત્તી તથા ખાતાના વડાની કચેરીઓના વર્ગ–ર ના અધિકારીઓના વય નિવૃત્તિ/ સ્વૈચ્છિક નિવૃત્તિ/ રાજીનામાના કેસો.

(૬) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓના વર્ગ–૧ ના અધિકારીઓની જગ્યાઓ ચાલુ રાખવાની બાબતો.

(૭) વિભાગના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓના રાજ્યપત્રિત અધિકારીઓને રાજ્ય બહાર મુસાફરી કરવાની પરવાનગી બાબત.

(૮) વિભાગના નિયંત્રણ હેઠળની ખાતાના વડાઓની કચેરીઓના અધિકારીઓ (પે મેટ્રીક્ષના લેવલ–૧૨)થી નીચેના પગાર ધોરણ ધરાવતા કર્મચારીઓને ખાતાકીય તપાસ/ફરજ મોકુફી /પ્રોસીક્યુશનના કેસોની મંજુરી.

(૯) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ–૧ ના અધિકારીઓને બહારની જગ્યાઓ ઉપર નિમણૂંક માટેની અરજી મોકલવા અંગેના કેસો.

(૧૦) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૧ના અધિકારીઓને અભ્યાસની પરવાનગી આપવાના કેસો.

(૧૧) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના રાજ્યપત્રિત અધિકારીઓને નાણા વિભાગના હુકમોને આધિન ૧ વર્ષથી ૩ વર્ષ સુધીના સમયગાળા માટે ચાર્જ એલાઉન્સ મંજુર કરવાના કેસો.

(૧૨) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના રાજયપત્રિત અધિકારીઓને મૃત્યુ–સહ–નિવૃત્ત ગ્રેજ્યુઇટીની વિલંબિત ચુકવણી પર વ્યાજની રકમ મંજૂર કરવા બાબત.

(૧૩) વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓના રાજ્યપત્રિત તેમજ બિન રાજ્યપત્રિત કર્મચારી મંડળોને રજૂઆતને લગતા કેસો.

(૧૪) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ–ર ના અધિકારીઓ સામેની ખાતાકીય તપાસ શરૂ કરવાની મંજુરી તેમજ શિક્ષાત્મક આખરી હુકમો કરવા અંગેના કેસો.

(૧૫) ખાતાના વડાની કચેરીઓના અધિકારી / કર્મચારીઓની સેવામાં તૂટ જોડવા અંગેના કેસો.

(૧૬) વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓની વર્ગ–૧ અને વર્ગ–રની સીધી ભરતીથી થતી જગ્યાઓમાં પગાર બાંધણીના કેસો.

(૧૭) વિભાગ હસ્તકની કચેરીના હિસાબોમાં એ.જી. દ્વારા લેવાયેલ ઓડીટ વાંધાઓની નિકાલ અંગેની બાબતો.

(૧૮) નાણા વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ હસ્તકના વર્ગ–૧ અને વર્ગ–રના રાજ્યપત્રિત અધિકારીઓના પાસપોર્ટ માટેના ના–વાંધા પ્રમાણપત્રોને લગતા કેસો.

(૧૯) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીની અંદાજપત્રમાં સમાવેશ કરાવીને સંબંધિત મહેકમ સિવાયના વિષયોની વિભાગ-૧ અને વિભાગ-૨ની નવી બાબતોને લગતા કેસો.

(૨૦) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ માટે ડેડસ્ટોક વસ્તુઓ વ્યક્તિગત કિસ્સામાં રૂ.૧ લાખથી વધુ અને ૧૦ લાખથી ઓછી રકમની ખરીદી કરવા અંગે મંજુરી આપવાના કેસો.

(૨૧) સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ અનુસાર અન્ય કચેરી અને નિવાસ સ્થાનના ટેલીફોનની મંજુરી.

(૨૨) નાણા વિભાગ(ખુદ)ના વર્ગ-૧ અને વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓને પાસપોર્ટ માટે ના-વાંધા પ્રમાણપત્રોને લગતા કેસો.

(૨૩) નાણા વિભાગ (ખુદ)ના અધિકારીઓ /કર્મચારીઓની સેવાઓમાં તૂટ જોડવા અંગેના કેસો.

(૨૪) વિભાગ (ખુદ)ના હિસાબોમાં એ.જી. દ્વારા લેવાયેલ ઓડીટ વાંધાઓની નિકાલ અંગેની બાબતો.

(૨૫) નાણા વિભાગ (ખુદ)ના વર્ગ-૨ તથા વર્ગ-૩ના કર્મચારીઓ સામે શિસ્ત વિષયક પગલાં લેવાની બાબતો.

(૨૬) વિધાનસભા સચિવાલયને લગતી સેવાવિષયક બાબતો.

(૨૭) વિધાનસભા સચિવાલયને લગતી ખર્ચની બાબતો.

(૨૮) નાણા વિભાગ(ખુદ)ના રહેમરાહે નોકરી/વળતર આપવાના કેસો.

(૨૯) નાણા વિભાગ(ખુદ)ના વર્ગ-૨ના અધિકારીઓના વયનિવૃત્તિ/સ્વૈચ્છિક નિવૃત્તિ/ રાજીનામાના કેસો.

(૩૦) નાણા વિભાગ(ખુદ)ના વર્ગ-૩ ના કર્મચારીઓના સ્વૈચ્છિક નિવૃત્તિ/રાજીનામાના કેસો.

(૩૧) નાણા વિભાગ(ખુદ)ના બિન રાજ્યપત્રિત કર્મચારીઓને ખાતાકીય તપાસ/ફરજ મોકુફી/ પ્રોસીક્યુશનના કેસોની મંજૂરી બાબત.

(૩૨) નાણા વિભાગ(ખુદ)ના બિન રાજ્યપત્રિત તમામ કર્મચારીઓના ઉપલા સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા તથા રાજ્યપત્રિત અધિકારીઓના ઉપલા સંવર્ગમાં ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા માટે સામાન્ય વહીવટ વિભાગને મોકલવા અંગેની બાબતો.

(૩૩) નાણા વિભાગ મહેકમની ત્રિમાસિક સમીક્ષા કરવા અંગેના કેસો.

(૩૪) નાણા વિભાગના વર્ગ-૧ના અધિકારીઓને રજા, રજાનું રોકડમાં રુપાંતર, રજા પ્રવાસ રાહતને લગતા કેસો.

(૩૫) વિભાગના અધિક સચિવ/સંયુકત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવની રજા દરમ્યાન ચાર્જ સોંપવાને લગતા કેસો.

(૩૬) વિભાગના અધિક સચિવ/સંયુકત સચિવ/નાયબ સચિવ/ઉપ સચિવ કક્ષાના અધિકારીઓને સ્થાયી નિયમો અને હુકમો અન્વયે મકાન બાંધકામ પેશગી, મોટર વાહન પેશગી, રજા પ્રવાસ રાહત પેશગી, વાહન ભથ્થુ પેશગી અને સામાન્ય ભવિષ્ય નિધિ પેશગી/ઉપાડ અંગેની મંજુર કરવાની બાબત.

(૩૭) સરકારી વાહનો તથા કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન અને અન્ય સાધનોની મરામત અને જાળવણી અંગે કેસ દીઠ/બીલ દીઠ રૂ.૫૦ હજાર થી વધુ આવર્તક ખર્ચ અને અનાવર્તક ખર્ચની મંજુરી બાબત.

(૩૮) વિભાગ માટે ડેડસ્ટોક વસ્તુઓ વ્યક્તિગત કિસ્સામાં રૂ.૧ લાખથી વધુ અને ૧૦ લાખથી ઓછી રકમની ખરીદી કરવા અંગે મંજુરી આપવાના કેસો

(૩૯) વિભાગ(ખુદ)ની સ્ટેશનરી, કોમ્પ્યુટરને લગતી અનુષંગિક ચીજવસ્તુઓ, ક્રોકરી તેમજ અન્ય પરચુરણ વસ્તુઓની ખરીદીમાં કેસ દીઠ/બીલ દીઠ રૂપિયા ૫૦ હજારથી વધુ અને ૧૦ લાખથી ઓછી રકમની આવર્તક અને અનાવર્તક ખર્ચની મંજુરીના કેસો.

(૪૦) નાણા વિભાગ(ખુદ)ના જાહેર હિસાબ સમિતિ, ખાતરી સમિતિને લગતી બાબતો

**અંદાજપત્રને લગતી બાબતો**

(૧) મતપાત્ર પેશગીના કિસ્સામાં ખર્ચ અગ્રતા સમિતિ સમક્ષ મુકવાના કેસો

(૨) જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, પંચાયતી રાજ સમિતિ અને અંદાજ સમિતિ સમક્ષ રજુ કરવાના પ્રશ્નાવલી જવાબો તથા અન્ય માહિતી

(૩) જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, પંચાયતી રાજ સમિતિ અને અંદાજ સમિતિમાં નાણા વિભાગના સચિવશ્રીના બદલે અન્ય અધિકારીને મોકલવાનો નિર્ણય.

(૪) એકાઉન્ટન્ટ જનરલને પાઠવવાના ડ્રાફ્ટ પારા, વિનિયોગ હિસાબોના ખુલાસાઓના મુસદ્દાઓ મંજુર કરવા.

(૫) નવી યોજના સિવાયના મંજુર થયેલ જોગવાઈ કરતાં વધુ થયેલ કે થનાર ખર્ચને અધિકૃત કરવું.

(૬) વહીવટી વિભાગોના હવાલે મંજુર થયેલ ગ્રાન્ટની ફાળવણી કરવી.

(૭) બજેટના અંદાજો મંજુર કરવા.

(અ) પેટા સદર દીઠ રૂ.૨૦ કરોડથી વધુ રકમના પણ રૂ.૧૦૦ કરોડ સુધીના સ્થાયી ખર્ચના અંદાજોને માન્ય રાખવા.

(બ) વિભાગના સચિવશ્રી અને નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૧૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતો.

(ક) અગ્ર સચિવશ્રી(ખર્ચ)/નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૧૦ કરોડથી વધુ રકમની નવી બાબતો.

(ડ) પેટા સદર દીઠ ચાલુ વર્ષના અંદાજો કરતાં રૂ.૫ કરોડથી વધુ વધારો સૂચવેલ હોય તેવા સુધારેલ અંદાજો મંજૂર કરવા.

(ઈ) પેટા સદર દીઠ રૂ.૫ કરોડથી ઉપરની પૂરક માંગણી મંજૂર કરવી.

(ઉ) પેટા સદર દીઠ રૂ. ૧૦૦ કરોડથી વધુ આવકના અંદાજો માન્ય રાખવા.

(૮) જાહેરસાહસો/ટ્રસ્ટ/વૈધાનિક સંસ્થાઓને રૂ.૧૦૦ કરોડ સુધીની લોન/મૂડી પુરી પાડવાની નવી બાબત.

(૯) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહના નિયમોના અર્થઘટનની બાબતો.

(૧૦) સુધારેલ અંદાજ ઉપરાંતની બચતના રૂ. ૫૦ લાખથી વધુ રકમના પુનઃવિનિયોગને મંજુરી આપવી.

(૧૧) જાહેર હિસાબ સમિતિના અહેવાલો ઉપર લેવાના પગલાંઓ અંગેના કેસો-બજેટ.

(૧૨) તિજોરી બિલના રોકાણો.

(૧૩) ખર્ચ પેટે પી.એલ.એ. માંથી ઉપાડ રીલીઝ કરવાની અધિકૃતિ આપવી.

(૧૪) હાઈકોર્ટ કે અન્ય કોર્ટ દ્વારા જમીન સંપાદન કે અન્ય કેસોમાં વળતર તરીકે રૂપિયા ૧ કરોડથી વધુ રકમ ચૂકવવા કરેલ હુકમોના પાલન માટે બજેટની જોગવાઈના અભાવે રકમ ૮૬૭૪ ના મુખ્ય સદર નીચે અધિકૃત કરવી.

**નાની બચતને લગતી બાબતો**

(૧) ભારત સરકાર સાથેની નાની બચતની યોજનાને લગતા પત્ર વ્યવહાર.

(૨) નાની બચતના આવકના અંદાજો.

(૩) નાની બચત યોજનાનું અમલીકરણ.

**નાણાકીય નિયમો- તિજોરી નિયમો/રજાને લગતી બાબત**

(૧) ગુજરાત નાણાકીય સતા (સોંપણી) નિયમો- ૧૯૯૮ ના અર્થઘટન/ મંજૂરીને લગતા કેસો.

(૨) સરકારી કર્મચારીઓને મંજૂર થયેલ લોન પેશગીઓની વસુલાતમાં ફેરફાર-માંડવાળના કેસો.

(૩) સરકારી લેણાંની વસુલાતને લગતા કેસો.

(૪) રૂ. ૨ લાખથી વધુ રકમના વીમાને લગતા કેસો.

(૫) સરકારી કર્મચારીઓને મંજૂર કરવામાં આવતી મકાન બાંધકામ પેશગી/મોટરકાર પેશગી અંગેની લોન બાબતે અર્થઘટન/મંજૂરીના કેસો.

(૬) ગુજરાત રાજ્ય નાણાકીય નિયમો, ૧૯૭૧ માં અર્થઘટનને લગતી બાબતો.

(૭) પેન્શનને લગતી બાબતોમાં અર્થઘટનના કેસો.

(૮) અભ્યાસ અંગેની રજાના નિયમોને લગતી બાબતો.

(૯) રૂપિયા ૫ લાખ સુધીની રકમની વસૂલાત / નુકશાન માફ / માંડવાળ કરવાની બાબતો.

(૧૦) તિજોરી નિયમો હેઠળ ઉપાડ અધિકારી તરીકે જાહેર કરવાની બાબતને લગતા કેસો.

(૧૧) તા.૧૦/૧૦/૨૦૦૦ ના ઠરાવ અન્વયે નાણા વિભાગે મંજૂરી આપવાની થતી ૫ વર્ષ સુધીની રજાઓ અંગેના કેસો.

(૧૨) કર્મચારી/અધિકારીના રજા, પગાર અને પેન્શનના હેતુસર સેવા સળંગ કરવા બાબત.

**સેવા વિષયક બાબતો**

(૧) ગુજરાત રાજ્ય સેવા પગાર સુધારણા નિયમો સને ૧૯૮૭ અને ૧૯૯૮ હેઠળના નિયમો અન્વયે વિકલ્પ બદલવાની મંજુરી.

(૨) સામાન્ય નિયમોમાં સમાવેશ ન થતો હોય તેવા રાજ્યપત્રિત અધિકારીઓને લોન સેવા ઉપર પરદેશમાં પ્રતિનિયુક્તિ અને તાલીમ ઉપર મોકલવા અંગેની બોલીઓ અને શરતો નક્કી કરવાના કેસો.

(૩) ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ અન્વયે ભથ્થાઓ જેવા કે :- સ્થાનિક ભથ્થું, પાણી ભથ્થું, કપડાં ભથ્થું, યુનિફોર્મ વગેરે મંજુરીની બાબતો.

(૪) ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગેની સામાન્ય બાબતો અને અર્થઘટન

(૫) જનરલ પ્રોવિડન્ટ ફંડની પ્રવર્તમાન જોગવાઇઓના સંદર્ભે ખાસ કિસ્સા તરીકે અપવાદ રુપે મંજૂરી આપવા બાબત.

(૬) રાજ્યપત્રિત અધિકારીઓને વાહન ભથ્થું મંજુર કરવા અંગેના કેસો.

(૭) હવાઈ મુસાફરી વાતાનુકુલિત કોચમાં રેલ્વે મુસાફરી માટે પાત્ર ન હોય તેવા અધિકારી /કર્મચારીઓને મુસાફરીની મંજુરી બાબત

(૮) હાલની જગ્યાઓને અપગ્રેડ કરવા બાબત.

(૯) કાયદા હેઠળ સ્થપાયેલ સરકારી બોર્ડ નિગમ માટે રૂ. ૨ લાખથી વધુ પરંતુ રૂ. ૨૫ લાખ સુધીના કેસો.

(૧૦) વિભાગના અધિકારી/કર્મચારીઓના પગાર અને ભથ્થાના સમય બહારના દાવાને ખાસ કિસ્સા તરીકે મંજૂરી આપવાને લગતા કેસો.

(૧૧) વાણિજ્યિક વેરા સલાહકાર સમિતિને લગતી બાબતો.

----------

## પરિશિષ્ટ-૫

**અધિક સચિવ/સંયુકત સચિવ/નાયબ સચિવશ્રી/નાણાકીય સલાહકારશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો.**

**કર્મચારી ગણને લગતી બાબતો**

(૧) વિભાગ(ખુદ) તેમજ નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીના આવક અને સ્થાયી ખર્ચના અંદાજો તેમજ સુધારેલ અંદાજોને લગતા કેસો.

(૨) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓના વર્ગ-૧ ના અધિકારીઓના ખાનગી અહેવાલની જાળવણી અંગેની બાબતો.

(૩) વિભાગ તેમજ નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ-૨ તથા બિન રાજ્યપત્રિત હંગામી જગ્યાઓ ચાલુ રાખવા, કાયમી કરવાની સામાન્ય વહીવટ વિભાગને મોકલવાની દરખાસ્તો.

(૪) વિભાગ તેમજ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ માટેના મંજૂર થયેલ જોગવાઇમાં પુનઃ વિનિયોગ, બચતો, સુપ્રત કરવાની બાબતો.

(૫) વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીના અધિકારીઓ/ કર્મચારીઓને મકાન બાંધકામ/વાહન પેશગી મંજુર કરવા માટે ફંડ ઉપલબ્ધતા પ્રમાણપત્ર આપવા બાબત.

(૬) વિભાગના સાધન સામગ્રી, ફર્નીચર, ડેડસ્ટોકની વસ્તુઓ, પડદાઓ, ટેબલ કલોથ, વેસ્ટ પેપર, બાસ્કેટ, કાચના ગ્લાસ તમામ પ્રકારના ફર્નીચરની મરામત અને જાળવણી અંગે વ્યકિતગત કિસ્સામાં રૂ. ૫૦ હજાર સુધીનું ખર્ચ મંજૂર કરવા બાબત.

(૭) વિભાગના સેકશન અધિકારી/સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧(રાજયપત્રિત) અધિકારીઓની નિમણૂક /આંતર શાખાકીય બદલી/હવાલો(ચાર્જ) સોંપવાની બાબતો.

(૮) વિભાગના સેકશન અધિકારી/સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧(રાજયપત્રિત) અધિકારીઓની રજા/રજા પ્રવાસ રાહત અને રજા પ્રવાસ રાહત વખતે રજાનું રોકડમાં રૂપાંતર મંજુર કરવાની બાબતો.

(૯) સરકારી વાહનો તથા કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન અને અન્ય સાધનોની મરામત અને જાળવણી અંગે વ્યકિતગત કિસ્સામાં રૂ. ૫૦ હજાર સુધીનું આવર્તક ખર્ચ અને અનાવર્તક ખર્ચની મંજુરી બાબત.

(૧૦) વિભાગના વય નિવૃત્તિએ પહોંચતા બિન રાજ્યપત્રિત કર્મચારીઓને નિવૃત્ત થવાની પરવાનગી આપવા બાબત.

(૧૧) વિભાગ માટે પુસ્તકો, મેગેઝીન તેમજ અન્ય પ્રકાશનોની ખરીદી.

(૧૨) વિભાગના વર્ગ-૨ કક્ષાના અધિકારીઓને સ્થાયી નિયમો અને હુકમો અન્વયે મકાન બાંધકામ પેશગી, મોટર વાહન પેશગી, રજા પ્રવાસ રાહત પેશગી, વાહન ભથ્થુ પેશગી અને સામાન્ય ભવિષ્ય નિધિ પેશગી/ઉપાડ અંગેની મંજુર કરવાની બાબત.

(૧૩) વિભાગ(ખુદ)ની મરામત થઈ ન શકે તેવી સ્ટાફકાર તથા કોપીયર મશીન સિવાયના ડેડસ્ટોકની વસ્તુઓ વેચાણ તથા અન્ય રીતે નિકાલ.

(૧૪) વિભાગ તથા વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ માટે ડેડસ્ટોક વસ્તુઓ વ્યક્તિગત કિસ્સામાં રૂ.૫૦ હજાર થી વધુ પરંતુ રૂ.૧ લાખ સુધી ખરીદી કરવા અંગે મંજુરી આપવાના કેસો.

(૧૫) વિભાગ(ખુદ)ની સ્ટેશનરી, કોમ્પ્યુટરને લગતી અનુષંગિક ચીજવસ્તુઓ, ક્રોકરી તેમજ અન્ય પરચુરણ વસ્તુઓની ખરીદીમાં વ્યકિતગત કિસ્સામાં રૂ.૫૦ હજાર વધુ પરંતુ રૂ.૧ લાખ સુધી આવર્તક અને અનાવર્તક ખર્ચની મંજુરીના કેસો.

**કરવેરાને લગતી બાબતો**

(૧) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩, ગુજરાત વેચાણવેરા અધિનિયમ-૧૯૬૯ નિયમો તથા ડાયજેસ્ટ અને બુલેટીન છપાવવાની મંજુરી આપવા અંગેની બાબત.

(૨) વેસ્ટર્ન ઝોન/રીજીયોનલ કાઉન્સીલને લગતી બાબતો.

(૩) પેઢીઓની નોંધણી, રજીસ્ટ્રારની નિમણૂંકના કેસો

(૪) વાણિજ્યિક વેરાની આવકની સમીક્ષા

(૫) ગુજરાત વેલ્યુએડેડ ટેક્ષ ટ્રીબ્યુનલના ચુકાદા અંગેની બાબતો

(૬) નોન ટ્રેડીંગ કોર્પોરેશનને લગતી જૂની બાબતો માટે માર્ગદર્શન અંગે આવતા કેસો.

(૭) ભાગીદારી પેઢીને લગતી બાબતો.

**બજેટને લગતી બાબતો**

(૧) મંજુર થયેલ જોગવાઈ કરતાં વધુ થયેલ કે થનાર રૂ.૫ લાખ કે તેથી નીચેના ખર્ચને અધિકૃત કરવું(નવી બાબત સિવાય)

(૨) નાણા વિભાગને હવાલે મૂકાયેલ ગ્રાન્ટની ખાતાના વડાઓ અને શાખાઓ વચ્ચે વહેંચણી કરવાના હુકમો

(૩) બજેટના અંદાજો મંજુર કરવા.

(અ) પેટા સદર દીઠ રૂ.૧૦ કરોડથી રૂ.૨૦ કરોડ સુધીના ૧૫ ટકાની મર્યાદામાં વધારો સૂચવેલ હોય તેવા સ્થાયી ખર્ચના અંદાજોને માન્ય રાખવા.

(બ) વિભાગના સચિવશ્રી અને નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૫ કરોડથી રૂ.૧૦ કરોડ સુધીની ચાલુ બાબતો.

(ક) અગ્ર સચિવશ્રી(ખર્ચ)/નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૧ કરોડથી રૂ.૧૦ કરોડ સુધીની નવી બાબતો.

(ડ) પેટા સદર દીઠ ચાલુ વર્ષના અંદાજો કરતાં રૂ.૫ કરોડ સુધીનો વધારો ૨૫ ટકાની મર્યાદામાં હોય તેવા સુધારેલ અંદાજો મંજૂર કરવા.

(ઈ) પેટા સદર દીઠ રૂ.૨૫ લાખથી રૂ.૫ કરોડ સુધીની પૂરક માંગણી મંજૂર કરવી.

(ઉ) પેટા સદર દીઠ રૂ.૧૦ કરોડથી રૂ.૧૦૦ કરોડ સુધીના આવકના અંદાજો માન્ય રાખવા.

(૪) હાઈકોર્ટ કે અન્ય કોર્ટ દ્વારા જમીન સંપાદન કે અન્ય કેસોમાં વળતર તરીકે રૂ.૧ કરોડ સુધીની રકમ ચુકવવા કરેલ હુક્મોના પાલન માટે બજેટની જોગવાઈના અભાવે રકમ ૮૬૭૪ ના મુખ્ય સદર નીચે અધિકૃત કરવી.

(૫) એક પેટા સદર દીઠ રૂ.૫ લાખથી વધુ પરંતુ રૂ.૫૦ લાખ સુધી પુનઃવિનિયોગની મંજુરી આપવી.

(૬) મહારાષ્ટ્ર સરકાર સાથેના મૂડી અને દેવા અંગેના સામાન્ય પડતર કેસોના નિકાલ.

(૭) એ.જી. ડ્રાફ્ટ પારા અને આંતરીક ઓડિટ અંગેની બાબત અને એ.જી. સાથે પત્ર વ્યવહાર.

**સેવા વિષયક બાબત**

(૧) સામાન્ય વહીવટ વિભાગના હુકમોને આધિન રહીને વર્ગ-૧ અને વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓને ભારતની અંદર તાલીમ અને એ જ શરતોએ ૪ વર્ષ સુધીની પ્રતિનિયુક્તિથી નિમણૂંક

(૨) પ્રોવિડન્ટ ફંડના નિયમોની જોગવાઈમાં છુટછાટ મુકી પેશગી/આખરી ઉપાડ મંજુર કરવા બાબત

(૩) સેવાને લગતા નિયમો અથવા હુકમો પરત્વે ઉદ્ભવેલ પ્રશ્નોના માર્ગદર્શનને લગતી બાબતો.

(૪) ગુજરાત મુલ્કી સેવા(પગાર આધારિત ભથ્થા)નિયમો-૨૦૦૨ના નિયમ ૪૨ થી ૫૮ નીચે સરકારી કર્મચારીઓને માનદ્વેતન અને ફી અંગેની બાબતો.

(૫) ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો-૨૦૦૨ નિયમ-૯(૨૩) અન્વયે ફરજ દરમ્યાન ચોક્કસ સમયની ગેરહાજરીને વિનિયમિત કરવાની બાબતો.

(૬) ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો-૨૦૦૨ના નિયમ ૨૦ થી ૨૫માં સમાવિષ્ટ લિયન અધિકાર અને તેને લગતી બાબતો.

(૭) ગુજરાત મુલ્કી સેવા(ફરજ પર જોડાવાના સમય, રાજ્યેત્તર સેવા, ભારત બહાર પ્રતિનિયુકિત, ફરજમોકુફી, બરતરફ અને રૂખસદ) નિયમો-૨૦૦૨ના નિયમ ૨૬,૨૭, ૨૮ની જોગવાઈ મુજબ ફરજ પર જોડાવા વધારાનો સમય આપવા અંગેની બાબતો.

(૮) નિયમોની જોગવાઈઓમાં છુટછાટ જ્યાં પૂર્વ દ્રષ્ટાંત હોય તેવી સેવા વિષયક બાબતો.

(૯) નોકરી દરમ્યાન ફરજ મોકુફી હેઠળ રાખવામાં આવ્યા હોય, નોકરીમાં પુનઃસ્થાપિત કર્યા હોય અને બીજા કર્મચારીઓ કે જેમના ફરજ મોકુફીના સમયને ફરજ તરીકે (જી.સી.એસ.આર) નિયમ ૭૦ મુજબ ગણવાની થતી હોય તેવા કર્મચારીઓના પગાર ભથ્થાની ચડત ચૂકવણા અંગેની બાબતો.

**નાની બચતને લગતી બાબતો**

(૧) નાની બચતના માસિક રોકાણોના પત્રકો, સંકલન તથા એકત્રીકરણ

(૨) લક્ષ્યાંક પ્રમાણે રોકાણો મેળવવાની સંકલીત કામગીરી

(૩) પોસ્ટલ કો-ઓર્ડિનેશન કમિટિની મીટીંગો

(૪) નાયબ નિયામકશ્રી, નાની બચતની કચેરીઓના મહેકમ અંગે

(૫) એજન્ટો તરફથી મળતી ફરીયાદોનો નિકાલ

(૬) એજન્ટોને લગતા કમિશનના પ્રશ્નો

(૭) નાની બચતના નિયમોમાં છુટછાટ આપવાની બાબત.

(૮) નાની બચતના પ્રકાશનો અને પ્રચારની બાબતો

(૯) નાની બચતના એજન્ટો દ્વારા નાણાની ઉચાપત અંગેની બાબતો

(૧૦) નાની બચત એજન્સીઓ આપવા અંગેના નિયમો અને તેને લગતા સુધારાની બાબતો

(૧૧) નાની બચતના વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓ સામે શિસ્ત વિષયક બાબતો અંગેના કેસો

(૧૨) નાયબ નિયામકશ્રી નાની બચત સંવર્ગના રજા, ચાર્જ એલાઉન્સ તથા વાહન પેશગી વગેરે અંગેની બાબત.

(૧૩) નાની બચત સલાહકાર સમિતિ દ્વારા કરવામાં આવતા સૂચનો અને ભલામણો અંગેની કાર્યવાહી

(૧૪) નાની બચતના રોકાણોને લગતા નિયમો, માહિતી ફરિયાદો વગેરેની બાબતો

(૧૫) ભારત સરકાર દ્વારા નાની બચતના રોકાણો સામે લોન મંજુર કરવાની બાબત.

**નાણાકીય નિયમો/તિજોરી નિયમોને લગતી બાબતો**

(૧) જૂથ વિમા યોજનાના નિયમોના અર્થઘટનને લગતા કેસો.

**કરકસરને લગતી બાબતો**

કરકસરની નીતિ અન્વયે છુટછાટ આપવા અંગેના નીચે મુજબના કેસો

(૧) પ્રતિબંધિત વસ્તુઓ જેવી કે, કાર સ્ટીરીયો, સીટ કવર, પડદા, કારપેટ, ડેસ્ક પરના ઈન્સ્ટ્રુમેન્ટ, નાના પંખા તેમજ વધારાના સાધનોની રૂ.૧ લાખ સુધીની ખરીદીની મંજુરી બાબત.

**સંસ્થાગત વિત્તને લગતી બાબતો**

(૧) બેંકો તથા નાણાકીય સંસ્થાઓ માટેની સંકલનની કામગીરી

(૨) રાજ્ય કક્ષાની બેંકર સમિતિ તથા જિલ્લા કક્ષાની કન્સલ્ટેટીવ કમિટિને લગતા મુદ્દાઓ

(૩) રીજીયોનલ રૂરલ બેંક તથા નાબાર્ડ સાથેની સંકલન અંગેની કામગીરી

(૪) રાજ્ય સરકાર પુરસ્કૃત સ્વ-રોજગારીના અમલીકરણ તથા તેને લગતી બેંકો સાથેની કામગીરી
(૫) રાજ્ય સરકારે ઉભા કરેલ વસુલાત એકમો અંગેની કામગીરી
(૬) વીમા નિયામકશ્રીની કચેરીને સંબંધિત વીમા યોજનાને લગતી કામગીરી
(૭) ભારત સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ વિવિધ સામાજીક સુરક્ષા યોજનાઓને લગતી કામગીરી

**નાણા સલાહકાર**

(૧) વિભાગોની જુદી જુદી યોજનાઓની જે તે વર્ષ માટેની પૂર્વ અંદાજપત્રીય(પ્રી બજેટ) દરખાસ્તોની ચકાસણી તથા વહીવટી મંજુરી
   (અ) રૂ.૧૦૦ કરોડ સુધીની ચાલુ બાબત કે જેમાં ગત વર્ષના અંદાજો કરતાં ૧૦૦ ટકાથી ઓછો વધારો સૂચવેલ હોય તેવી બાબતો.
(૨) અધિકારી/કર્મચારીઓના મુસાફરી ભથ્થાના સમય બહારના દાવાને ખાસ કિસ્સા તરીકે મંજુરી આપવાને લગતા કેસો.
(૩) જુદા જુદા કાર્યક્રમો હેઠળ વિભાગોમાં મંજુર કરવામાં આવેલ હંગામી મહેકમ ચાલુ રાખવા બાબત(તમામ બાબતો)
(૪) (અ) જમીન સંપાદનના અપીલ કેસોમાં હાઈકોર્ટ-સુપ્રિમ કોર્ટના આદેશ અન્વયે કોઈપણ રકમ નામદાર કોર્ટમાં જમા કરાવવાની હોય તો પણ સંપૂર્ણ સત્તા
   (બ) જમીન સંપાદનના કિસ્સામાં નામદાર કોર્ટના છેવટના આદેશ અન્વયે વળતરની રકમ ચૂકવવાની હોય તેવા કિસ્સામાં રૂ.૫૦ લાખ સુધી.
(૫) વિભાગ કક્ષાએ ખરીદીની પ્રક્રિયા હાથ ધરાયેલ હોય અને કામના ઓર્ડર આપેલ હોય તેવા કિસ્સામાં રૂ.૫૦ લાખ સુધીના બીલો મંજુર કરવાની સત્તા
(૬) રૂ.૧ કરોડ સુધીના ટેન્ડરો મંજુર કરવા બાબત.
(૭) કરકસરના હુકમોના સંદર્ભમાં રૂ.૫૦ હજાર સુધીના ખર્ચ કરવાની છુટછાટ(જેમ કે ફર્નિચર, પડદાનું કાપડ, કાર્પેટ વિગેરે ખરીદી)
(૮) બિન ખેતી વિષયક કરમાંથી મુક્તિ આપવાની ગુજરાત લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૯૭૨ના નિયમ-૩૨ હેઠળની કલેક્ટરના અધિકારમાં નહી આવતી બાબતો.
(૯) જમીન સંપાદન ધારો ૧૮૯૪ ની કલમ ૧૭-એ હેઠળની રાજ્ય સરકારની બોર્ડ કોર્પોરેશન માટે સંપાદન કરાયેલ જમીનના હેતુ ફેરની દરખાસ્તો.
(૧૦) જમીનની ફાળવણી અંગેના નીચે મુજબના કેસો
   ૧. ઔદ્યોગિક હેતુ માટે રૂ.૫ લાખથી વધુ પરંતુ રૂ.૨૫ લાખ સુધીના કેસો
   ૨. રહેણાંકના હેતુ માટે
      (અ) સહકારી ગૃહ મંડળીઓને રૂ.૬ લાખથી રૂ.૧૦ લાખ સુધીના અને ૮૦૦૦ ચો.મી. થી ૧૫૦૦૦ ચો.મી. ના કેસો
      (બ) વ્યકિતગત કિસ્સામાં રૂ.૧ લાખથી વધુ અને રૂ.૨ લાખ સુધીના કેસો
   ૩. અનુસૂચિત જાતિ, જનજાતિ તથા સા.અને આર્થિક રીતે પછાત વર્ગને વાણિજ્યિક હેતુ માટે રૂ.૨ લાખ સુધીના કેસો
   ૪. કાયદા હેઠળ સ્થપાયેલ સરકારી બોર્ડ નિગમ માટે રૂ.૧૫ લાખથી વધુ પરંતુ રૂ.૩૦ લાખ સુધીના કેસો
   ૫. ઉપર્યુક્ત દર્શાવેલ હેતુઓ સિવાયના અન્ય હેતુ માટે રૂ.૫૦ હજાર સુધીના કેસો
(૧૧) સરકારી જમીન ફાળવણીની શરત ભંગ નિયમિત કરવાની નીચે દર્શાવેલ બાબતો.
   ૧. ઔદ્યોગિક હેતુ માટે રૂ.૫૦ હજારથી વધુ પરંતુ રૂ.૨૫ લાખ સુધીની બજાર કિંમતવાળી જમીનના કેસો

૨. રહેણાંકના હેતુ માટે રૂ.૫૦ હજારથી વધુ પરંતુ રૂ.૨ લાખ સુધીના કેસો

૩. વાણિજ્યિક હેતુ તથા અન્ય હેતુ માટે રૂ.૨ લાખ સુધીના કેસો

(૧૨) બિન ખેતી વિષયક હેતુઓ માટે નવી શરતની વેચાણ ફેરબદલ અને ભાડાપટાની રૂ.૫૦ હજારથી રૂ.૫ લાખ સુધીના કેસો.

(૧૩) નવી શરતની નિયમિત કરવામાં આવેલ બિન અધિકૃત જમીનોના વેચાણ અને ભાડાપટાની રૂ.૫૦ હજારથી રૂ.૫ લાખ સુધીની દરખાસ્તો.

(૧૪) ઔદ્યોગિક હેતુઓ, રહેણાંકના હેતુઓ અને અન્ય હેતુઓ માટે અપાયેલ જમીન સરકાર સંપ્રાપ્ત થયેલ જમીનોની શરત ભંગની રૂ.૫૦ હજારથી રૂ.૫ લાખ સુધીની દરખાસ્તો

(૧૫) ખેતી કે બિન ખેતી વિષયક હેતુઓ માટે મંજુરીવાળી કે મંજુરી વગરની હેતુ ફેરની રૂ.૫૦ હજારથી રૂ.૨ લાખ સુધીની દરખાસ્તો.

(૧૬) ભાડાપટા લંબાવવાની અથવા કામના ધોરણે અપાયેલ લીઝની મુદત વધારાની રૂ.૫૦ હજારથી રૂ.૫ લાખ સુધીની દરખાસ્તો.

(૧૭) લેન્ડ રેવન્યુ રૂલ્સ-૩૨-એ અને ૩૨-ક ની રૂ.૫૦ હજારથી રૂ.૫ લાખ સુધીની દરખાસ્તો.

(૧૮) ખેતી કે બિન ખેતી વિષયક દબાણો નિયમિત કરવાની રૂ.૫૦ હજારથી રૂ.૨ લાખ સુધીની દરખાસ્તો.

(૧૯) જમીન મહેસૂલ અને તેના અનુષંગિક લેણાં માંડવાળ કરવા બાબતની રૂ.૧૦ હજારથી રૂ.૫૦ હજાર સુધીના કેસો.

(૨૦) જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ની કલમ-૧૧ હેઠળ ડ્રાફટ એવોર્ડના રૂ.૧૦ લાખથી રૂ.૧૫ લાખ સુધીના કેસો. સરકાર દ્વારા જનરલ વેલ્યુએશન મંજુર થયેલ હોય તેવા કિસ્સામાં રૂ.૩૦ લાખ સુધીના કેસો.

(૨૧) જાગીર નાબુદી ધારા હેઠળની વળતરની દરખાસ્તો અને એવોર્ડ મંજુરીની દરખાસ્તોના રૂ.૧૦ લાખથી વધુ પરંતુ રૂ.૧૫ લાખ સુધીના કેસો.

----------

## પરિશિષ્ટ-૬

**ઉપ સચિવશ્રી કક્ષાએ નિકાલ કરવાના કેસો**

**બજેટને લગતી બાબતો**

(૧) બજેટના અંદાજો મંજુર કરવા.

(અ) પેટા સદર દીઠ રૂ.૧૦ કરોડ સુધીના ૧૫ ટકાની મર્યાદામાં વધારો સૂચવેલ હોય તેવા સ્થાયી ખર્ચના અંદાજોને માન્ય રાખવા.

(બ) વિભાગના સચિવશ્રી અને નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૫ કરોડ સુધીની ચાલુ બાબતો

(ક) નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી પ્રથમ વખત આવતી બાબત.

(ડ) અગ્ર સચિવશ્રી(ખર્ચ)/નાણા સલાહકારશ્રીએ મંજુરી આપેલ હોય તેવી રૂ.૧ કરોડ સુધીની નવી બાબતો

(ઇ) પેટા સદર દીઠ ચાલુ વર્ષના અંદાજો કરતાં રૂ.૧ કરોડ સુધીનો વધારો ૧૦ ટકાની મર્યાદામાં હોય તેવા સુધારેલ અંદાજો મંજૂર કરવા.

(ઈ) પેટા સદર દીઠ રૂ.૨૫ લાખ સુધીની પૂરક માંગણી મંજૂર કરવી.

(ઉ) પેટા સદર દીઠ રૂ.૧૦ કરોડ સુધીના આવકના અંદાજો માન્ય રાખવા.

(૨) રીઝર્વ બેંક તરફથી ટેલીગ્રામના બીલો બ્રોકરેજ સર્વીસ અને કમિશનની ચુકવણીઓ મંજુર કરવી.

(૩) સાધનોપાયને લગતા મુખ્ય સદરોના હિસાબોના મેળવણીની બાબતો.

(૪) ભારત સરકાર તરફથી મળતી લોનના હિસાબોને લગતી પત્ર વ્યવહારની બાબતો.

**કર્મચારી ગણને લગતી બાબતો**

(૧) ખાતાના વડાની કચેરીઓના બિન રાજપત્રિત કર્મચારીઓની પ્રતિનિયુક્તિની શરતો અને બોલીઓ નક્કી કરવા અંગેની બાબતો.

(૨) વિભાગ તથા વિભાગના નિયંત્રણ હેઠળની ખાતા-કચેરીની ડેડ સ્ટોક વસ્તુઓ, કબાટ, વગેરે જ્યાં વ્યકિતગત કિસ્સામાં ખર્ચ રૂ.૨૦ હજારની મર્યાદામાં રહીને મંજુરી આપવા અંગેના કેસો.

(૩) નાણા વિભાગના બાકી રહેતા ઓડિટ વાંધાઓની પતાવટ.

(૪) ખાતાના વડાની કચેરીઓના નિરિક્ષણ અહેવાલ, નવી નિમણૂંક કરાયેલ કર્મચારીઓની દાકતરી તપાસ ચારિત્ર્યની ખરાઈની બાબતો.

(૫) સ્ટાફકાર, ડુપ્લીકેટીંગ મશીન, કોપીયર મશીન, કોમ્પ્યુટરની મરામત અને જાળવણીનું કેસ દીઠ રૂ.૨૫ હજાર સુધીનું રીકરીંગ અને રૂ.૨૫ હજાર સુધીનું નોન રીકરીંગ ખર્ચ.

(૬) વિભાગના બિન રાજ્યપત્રિત કર્મચારીઓની રજા મંજુર કરવાને લગતા કેસો.

(૭) વિભાગના બિન રાજ્યપત્રિત કર્મચારીઓને ચાર્જ એલાઉન્સ(ખાસ પગાર) મંજુર કરવાને લગતા કેસો.

(૮) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓને રજા રોકડમાં રૂપાંતર કરવાને લગતા કેસો

(૯) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત અને તેનું રોકડમાં રૂપાંતર કરવાને લગતા કેસો.

(૧૦) મીટીંગના ચા-નાસ્તાના બીલોની ચુકવણીને લગતા કેસો

(૧૧) વિભાગના કર્મચારીઓના નામ બદલવાને લગતા કેસો

(૧૨) ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદ થયેલ અને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવાયેલ કારકુન, ટાઈપીસ્ટ વગેરેને નાણા વિભાગમાં નિમણૂંક બાબત

(૧૩) વિભાગ(ખુદ)ના કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાં બેસવા અંગેના કેસો તથા ખાતાકીય પરીક્ષા માટેના તાલીમ વર્ગમાં મોકલવાના કેસો.

(૧૪) સ્થાયી હુકમોની જોગવાઈ મુજબ સ્ટાફને વાહન ભથ્થુ આપવાની બાબત.

(૧૫) બિન રાજ્યપત્રિત સ્ટાફને મુસાફરી ભથ્થા પેશગી.

(૧૬) કચેરી એકોમોડેશન અને પસ્તી વેચાણ

(૧૭) નાણા વિભાગના વર્ગ-૪ ના સ્ટાફને શિસ્ત વિષયક પગલાં તથા તાકીદ આપવાની બાબત.

(૧૮) નાણાકીય સત્તાની સોંપણીની મર્યાદામાં રહીને ચોપડીઓ ખરીદવાની મંજુરી બાબત.

(૧૯) સેકશન અધિકારી વર્ગ-૨ અધિકારીઓ, નાયબ સેકશન અધિકારીઓ, સ્ટેનોગ્રાફર, સા.ફ.કારકુન અને ટાઈપીસ્ટોના ખાનગી અહેવાલ રાખવા તેમજ તેમની જાળવણી કરવી.

(૨૦) બિન રાજ્યપત્રિત સ્ટાફને સ્થાયી નિયમો અને હુકમો અન્વયે મકાન બાંધકામ પેશગી, મોટર વાહન પેશગી, રજા પ્રવાસ રાહત પેશગી, વાહન ભથ્થુ પેશગી અને સામાન્ય ભવિષ્ય નિધિ પેશગી/ઉપાડ મંજુર કરવાની બાબત.

(૨૧) નાણા વિભાગ(ખુદ)ના વર્ગ-૩ ના કર્મચારીઓની અન્ય નોકરી માટે અરજીઓ રવાના કરવા બાબત.

(૨૨) વિભાગ(ખુદ)ની સ્ટેશનરી, કોમ્પ્યુટરને લગતી અનુષંગિક ચીજવસ્તુઓ, ક્રોકરી તેમજ અન્ય પરચુરણ વસ્તુઓની ખરીદીમાં કેસ દીઠ રૂ.૨૫ હજાર સુધીના આવર્તક અને અનાવર્તક ખર્ચની મંજુરીના કેસો.

(૨૩) વિભાગના ફર્નિચરને મરામત અને જાળવણી અંગે કેસ દીઠ રૂ.૨૫ હજાર સુધીનું ખર્ચ મંજુર કરવાને લગતા કેસો.

----------